જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦     ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૦/૦૩/૨૦૧૬ બુધવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૫૯૨/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૦ કેસ કરી ૨૧ વ્યક્તિઓને ઝડપી ૫૮ લીટર દેશી દારૂ, ૩૨ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૭ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૨ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૩૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૫૯૩/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૯૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણ/બળાત્કારની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૫૯૪/૧૬**

**ઇસનપુર** : ઇસનપુર વિસ્તારમાં રહેતી ૧૬ વર્ષની તરૂણીનાં પિતાએ તા.૨૯/૩/૧૬ નારોજ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૩/૧૬ રાતનાં ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાની પુત્રીને ઘર નજીક રહેતો આરોપી ચંદુભાઇ લક્ષ્મણભાઇ વાળા લગ્ન કરવાની લાલચ આપી, લલચાવી ફોસલાવી સુરત ખાતે લઇ જઇ, તરૂણીની મરજી વિરૂધ્ધ તેની સાથે શરીર સબંધ બાંધ્યો હતો. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એમ.એન.પંડ્યા ચલાવે છે.

**અપહરણની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૫૯૫/૧૬**

**મણીનગરઃ** રોહીતભાઈ મફાભાઈ દાતણીયા (રહે. નટકમલ ફ્લેટ મામાભાણાની દુકાનની બાજુમાં પ્રકાશનગર મણીનગર) એ તા.૨૯/૩/૧૬ નારોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૩/૧૬ કલાક ૧/૪૫ વાગ્યાના સુમારે નટકમલ ફ્લેટ નજીક ફુટપાથ ઉપર સુતેલી પોતાની પુત્રી મમતા (ઉ.વ.૪) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એન એસ દેસાઈ ચલાવે છે.

**શહેરકોટડાઃ** રીનીષાબહેન જીવણભાઈ ચાવડા (ઉ.વ.૧૬) (રહે.ખાડાવાળી ચાલી નંબર-૨ અશોક મીલ સામે નરોડા રોડ) ને તા.૨૭/3/૧૬ રાતના ૨/૩૦ થી સવારના ૬/૦૦ વાગ્યા દરમ્યાન ઘર નજીકથી આરોપી વિનય ઉર્ફે ઢીચકુ સુગરભાઈ ચોહાણ (રહે.અરવિંદ મીલની ચાલી પીકર્સની ચાલી સામે સરસપુર) લગ્ન કરવાની લાલચ આપી લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઈરાદે ભગાડી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ રીનીષાબહેનનાં પિતા જીવણભાઇ ચાવડાએ તા.૨૯/૩/૧૬ નારોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ મ.પો.કમિ.શ્રી “ડી” ડીવીઝન નાઓ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

<u>ઘરફોડ :-</u> <u>સમાચાર યાદી નં.૫૯૬/૧૬</u>

**સરદારનગર** : કાંતાબહેન પુંજાભાઇ પટણી (રહે.ડી વોર્ડ, આઝાદ મેદાનની પાછળ, કુબેરનગર, સરદારનગર) એ તા.૨૯/૩/૧૬ નારોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩/૩/૧૬ ના કલાક ૧૦/૦૦ થી તા.૬/૩/૧૬ નાં કલાક ૫/૦૦ વાગ્યા સુધીનાં સમયગાળા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, વાસણો કિંમત રૂપિયા ૫૦૦/- અને રોકડ રૂપિયા ૧,૦૦,૦૦૦/- ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.આર.પટેલ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)